# ગાંધીનગરમાં 'બંધ'ની કોઈ અસર નહિ

**જિલ્લામાં પણ નહીંવત અસર : વેપાર ધંધા રાબેતા મુજબ જ ધમધમતા રહ્યા : શહેર જિલ્લાના એન્ટ્રી એકઝિટ પોઇન્ટ પર પોલીસનો કડક પહેરો જોવા મળ્યો : કુડાસણ , પી ડી પીયુ માર્ગ તેમજ પેથાપુરમાં કેટલીક દુકાનો બંધ રહી**





ગાંધીનગર તા ૮

ખેડુતો દ્વારા કૃષિ કાયદાઓના વિરોધમાં આજે ભારત બંધનુ એલાન આપવામા આવ્યુ હતુ. રાજયમાં વિવિધ શહેરોમાં આ બંધની અસર જુદી જુદી જોવા મળી હતી જયારે ગાંધીનગર જિલ્લામાં બંધની અસરની નહીંવત અસર જ સ્પષ્ટ થઈ હતી શહેરમાં બંધ સદંતર નિષ્ફળ રહ્યુ હતુ જયારે જિલ્લાના વિસ્તારમાં બંધને અંશત : સફળતા મળી હતી. શહેરમાં દિવસ દરમિયાન રૂટીન મુજબ જ દુકાનો અને વેપાર ધંધા ધમધમતા રહ્યા હતા જયારે જિલ્લા વિસ્તારમાં પણ ચારેય તાલુકામાં બંધના વિશેષ પડઘમ પડ્યા ન હતા.

કૃષિ કાયદાના વિરોધમાં ખેડુતોએ આંદોલનની રાહ અપનાવી છે. કૃષિ કાયદાના વિરોધમાં ખેડુતોએ આપેલા આ બંધના એલાનને દેશના અનેક રાજકીય પક્ષો અને સંગઠનોએ સમર્થન આપ્યુ હતુ. આવા સંજોગોમાં આ ખેડુત આંદોલન દરમિયાન કોઈપણ હિંસા કે તોફાન ન થાય અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાયેલી રહે તે માટે સમગ્ર દેશમાં કડક સુરક્ષા વ્યસવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં પણ ખેડુત બંધના એલાનને અનુલક્ષી શહેર તેમજ જિલ્લાના તમામ એન્ટ્રી એકિઝટ પોઈન્ટ પર કડક પોલીસ પહેરો ગોઠવી વાહન ચેકીંગ સહીતની કામગીરી પોલીસ તંત્રએ સતર્કતાથી કરી હતી ખેડુતોએ આપેલા ભારત બંધના એલાનના લીધે નાગરિકોમાં પણ ઉચાટ હતો કોરોનાના કપરા કાળમાં આમ પણ અનેકવાર લોકડાઉન વચ્ચે વેપાર ધંધાને માંઠી અસર પહોંચી છે ત્યારે હાલના આ કપરા સમયમાં બંધનુ એલાન વેપારીઓ માટે પણ ચિંતાનો વિષય બની રહ્યો હતો જો કે નગરના વેપારીઓ બંધના એલાનથી દુર રહ્યા હતા. જયારે બંધના એલાનનો મુદ્દો દિવસ દરમિયાન ટોક ઓફ ધ ટાઉન રહ્યો હતો. જયારે ગાંધીનગર જિલ્લાની વાત કરીએ તો ખેડુત બંધના આ એલાનનુ સુરસુરિયુ થઈ ગયુ હતુ શહેરમાં બંધના એલાનની કોઈ

● અનુસંધાન પાન-૭ પર

## ૧૬ હજારથી વધુ નવા મતદારોએ નામ દાખલ કરવા માટેના ફોર્મ ઝુંબેશમાં રજુ કર્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ મતદારયાદી સુધારણા ઝુંબેશમાં સારો પ્રતિસાદ જોવા મળ્યો છે. જો કે આ વખતની ઝુંબેશમાં ઓનલાઈન અભિયાનને પણ ઘણો સારો પ્રતિભાવ મળતાં તંત્રમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

**૭૨૦૦ થી વધુ મતદારો ૧૮ થી ૧૯ વર્ષની વયજૂથના છે**

કોરોનાના આ કપરા કાળમાં પણ આ અભિયાન દરમ્યાન ૧૬,૨૫૬ નવા મતદારોએ તેમના નામ મતદારયાદીમાં દાખલ કરવા માટેના ફોર્મ રજુ કર્યા છે. મળતી વિગતો પ્રમાણે ૭૨૨૦ જેટલા ૧૮ થી ૧૯ વર્ષની વયના લોકોએ તેમના ફોર્મ ભરી આપ્યા છે. જો કે તંત્રને ૧૨,૩૭૯ ફોર્મ બી.એલ.ઓ.ને મળ્યા છે જયારે ૩૮૦૦ થી વધુ ઓનલાઈન રજીસ્ટ્રેશન થયુ છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામમાંથી ૧૯૨૪ ફોર્મ, ગાંધીનગર(દ)માં ૩૦૯૨ ફોર્મ, ગાંધીનગર(ઉ)માં ૨૫૮૮ ફોર્મ, માણસામાં ૧૭૧૫ અને કલોલમાં ૩૦૬૦ ફોર્મ મળી આવ્યા છે.

૧૮ થી ૧૯ વર્ષની વયના નવા મતદાઓએ જે ફોર્મ રજુ કર્યા છે તેમાં દહેગામમાં ૧૩૩૪, ગાંધીનગર (દ)માં ૧૭૮૦, ગાંધીનગર (ઉ) માં ૧૪૩૭, માણસામાં ૧૦૨૧ અને કલોલમાં ૧૬૪૮ નવા મતદારોએ ફોર્મ રજુ કર્યા છે.

મતદારયાદી સુધારણા અભિયાનનો સઘન ઝુંબેશનો હવે એક રવિવાર બાકી છે. તંત્રને વિશ્વાસ છે કે દર વર્ષની જેમ આ વર્ષે પણ સારા પ્રતિસાદ સાથે જ અભિયાન સંપન્ન થશે.

● અનુસંધાન પાન-૭ પર

## "લોક અદાલત" જેવું તંત્ર ઉભું કરવા ૩૬ ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવામાં આવી

ગાંધીનગર, તા.૮

કર્મચારીઓની સેવા વિષયક બાબતોમાં પણ સરળ અને ઝડપી કાર્યવાહી થાય તે માટે લોકઅદાલત જેવા તંત્રથી ખાતાકીય તપાસના કેસોનો ઝડપથી નિકાલ થશે. રાજય સરકાર દ્વારા કર્મચારીઓની સેવા વિષયક બાબતોમાં સરળ અને ઝડપી કાર્યવાહી માટે તા.૧૭.૦૭.૨૦૨૦ થી લોકઅદાલત જેવા તંત્રની શરૂઆત કરવાનો રાજય સરકારે નિર્ણય લીધો છે. જે અન્વયે મહેસૂલ વિભાગ હસ્તકના ૩૩ જિલ્લા કલેકટર કક્ષાએ તેમજ

**મહેસૂલ વિભાગના વર્ગ-૩ અને ૪ના સરકારી કર્મચારીઓ સામેની ખાતાકીય તપાસના કેસોના ઝડપી નિકાલ આવશે**

સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક, સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ તથા નોંધણી સર નિરીક્ષકની ખાતાના વડાઓની કક્ષાએ એમ કુલ ૩૬ ઉચ્ચકક્ષાની સમિતિઓની રચના કરવામાં આવેલ છે. એમ મહેસૂલ મંત્રી કૌશિક પટેલે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, કુલ ૩૬ ઉચ્ચકક્ષાની સમિતિઓની રચના કરવામાં આવી છે તે જ રીતે હવે સચિવાલયના મહેસૂલ વિભાગના વર્ગ-૩ અને વર્ગ-૪ ના સરકારી કર્મચારીઓ સામેની ખાતાકીય તપાસના કેસોના ઝડપી નિકાલ માટે લોકઅદાલત જેવું તંત્ર ઉભું કરવા માટે મહેસૂલ વિભાગના તા.૦૨/૧૨/૨૦૨૦ના ઠરાવથી જમીન સુધારણા કમિશ્નરશ્રી અને હોદ્દાની રૂએ સચિવશ્રીના અધ્યક્ષતામાં ઉચ્ચકક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યના અનેક ભાગમાં ૧૦-૧૧મીએ વરસાદની આગાહી

**રાજ્યના ખેડૂતો માટે માઠા સમાચાર : આગાહી પ્રમાણે સોમનાથ, સુરત, ભાવનગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, આણંદમાં વરસાદ પડી શકે છે**

ગાંધીનગર, તા. ૮

ગુજરાતના ખેડૂતો માટે માઠા સમાચાર મળી રહ્યા છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આગામી ૧૦ અને ૧૧ ડિસેમ્બરે છૂટા છવાયા વરસાદની આગાહી કરવામાં આવતા જગતનો તાત ચિંતામાં પેઠો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે સોમનાથ, સુરત, ભાવનગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, આણંદમાં વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજયમાં ૧૦ અને ૧૧ ડિસેમ્બરે સૌરાષ્ટ્ર સિવાયના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી શકે છે. અમદાવાદ, સુરત. વડોદરા સહિત કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી હવામાન ખાતાએ કરી છે. હવામાન વિભાગની આગાહીથી ફરીથી ધરતીપુત્રોની ચિંતા વધી ગઈ છે. પહેલા જ કપાસ, મગળફળી, તલ, બાજરીનો મોટો પાક નિષ્ફળ ગયા બાદ હવે શિયાળુ પાક સારો થાય તેવી જગતના તાતને આશા છે. પરંતુ હવામાન વિભાગની આગાહી મુજબ જો વરસાદ પડશે તો અન્નદાતા કહેવાતા ખેડૂતોની ચિંતા વધી શકે છે.

કારતક માસમાં ઠંડીએ જમાવટ કર્યા બાદ વાવાઝોડાના કારણે હાલ ઠંડીનો ચમકારો ઘટી ગયો છે અને મિશ્ર હવામાનનો અનુભવ થઈ રહ્યો છે. હાલ રાજ્યના મોટાભાગના શહેરોમાં રાત્રે ગરમ કપડાં પહેરવા પડે અને બપોરે એ.સી કે પંખા શરૂ રાખવા પડે તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

હવામાન વિભાગના મતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે સામાન્ય વરસાદની આગાહી ગુજરાતમાં કરવામાં આવી છે. જેથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં પલટો આવવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે. જેથી આવનારા ૧૦ અને ૧૧ ડિસેમ્બરે સોમનાથ, સુરત, ભાવનગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, આણંદ જિલ્લામાં છુટા છવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે.

## ગાંધીનગર તાલુકામાં કોરોના બેખોફ

**જિલ્લામાં ૫૦ નવા કેસ જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ અને શહેરમાં સે. ૫ માં ૫ કેસ, સે. ૭ માં બે કેસ સહિત ૨૦ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૫૦ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ કેસ અને શહેરી વિસ્તારમાં ૨૦ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ શહેર વિસ્તારમાં ઝડપી બન્યો છે. જો કે ગ્રામીણ વિસ્તારમાં ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. ગ્રામીણ વિસ્તારમાં આજે સતત બીજે દિવસે ૩૦ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં મોટીવયના દર્દીઓ અને મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી છે જે ચિંતાનો વિષય છે. આજે નોંધાયેલા કેસોમાં પણ મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો હોવાથી તંત્રની કામગીરીનું ભારણ વધવા પામ્યુ છે.

ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા ૩૦ કેસોમાં ગાંધીનગરમાં ૧૫ કેસ, દહેગામમાં ૭ કેસ, માણસામાં ૭ કેસ અને કલોલમાં ૧ કેસ નોંધાયો છે. ગ્રામીણ વિસ્તારમાં ૧૧ મહિલા દર્દીઓ નોંધાયેલ છે. આજે નોંધાયેલા કેસોમાંથી પાંચ દર્દીઓને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામે ૩ કેસ, ઉવારસદમાં પણ ૩ કેસ, મગોડીમાં ૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત વાવોલ, ડભોડા, વાસણિયા મહાદેવ, અડાલજ, રાંદેસણ, ઈસનપુર મોટા અને વલાદ ગામેથી કેસો મળી આવેલ છે.

દહેગામ તાલુકામાં દેવકરણના મુવાડા ગામેથી ૨ કેસ તેમજ દહેગામ અર્બન વિસ્તારમાંથી બે કેસ સહિત ૭ કેસ નોંધાયા. શિયાવાડા, રામનગર અને પાસુન્દ્રા ગામેથી પણ કેસો મળી આવેલ છે.

માણસા તાલુકામાં આજે એક જ દિવસમાં સાત કેસ મળતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. તાલુકાના ચરાડા ગામેથી ૩ કેસ નોંધાયા છે. આ ઉપરાંત ગુલાબપુરા, ઈટાદરા ગામેથી પણ કેસ મળી આવેલ છે. માણસા અર્બન વિસ્તારમાંથી પણ બે કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકાના નારદીપુર ગામેથી એક ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં આજે માત્ર ૪ જ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આ સાથે ૩૧૨૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૨૦૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં હોમ આઈસોલેશનમાં સારવાર મેળવતા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. જિલ્લામાં આજે ૧૨,૨૭૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોમાં સતત ત્રીજે દિવસે પણ ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહેવા પામ્યો છે. શહેરમાં આજે ૨૦ કેસ નવા નોંધાયા છે.

શહેરમાં આજે નોંધાયેલા ૨૦ કેસમાં ૮ મહિલા દર્દીઓ અને મોટીવયના દર્દીઓની સંખ્યાને લઈ તંત્રની ચિંતા વધી છે.

આજે શહેરમાં નોંધાયેલા કેસોમાં એસ.બી.આઈ.ના કેશિયર, લાયબ્રેરીયન, એલ.આઈ.સી.ના અધિકારી તેમજ સિવિલના લેબ ટેકનીશ્યીનનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૫ માં ૫ કેસ તેમજ સે. ૭ માં ૨ કેસ નોંધાયા હોવા ઉપરાંત સે. ૨, બોરીજ, સે. ૧૩, ૨૪, ૨૬, ૪, ૬, ૩, ૧૬, ૨૧, ૨૨, ૨૩ અને સે. ૧૪ માં પણ કેસ નોંધાયા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં મળી રહેલા છુટાછવાયા કેસો તેમજ શહેરના સંવેદનશીલ વિસ્તારોમાંથી મળી રહેલા કેસોને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે વધુ ૨૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે પણ ૨૦૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. આજે ૬ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

### કોરોનાથી વધુ સાતના મૃત્યુ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સ્થિત સરકારી-બીન સરકારી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોરોનાના સાત દર્દીઓએ દમ તોડ્યો હતો જેમાં શહેરના ત્રણ અને જિલ્લાના બે તથા અન્ય જિલ્લાના બે એમ સાત દર્દીઓના મૃત્યુ નિપજ્યા હતા. સેક્ટર-૩૦ના ૫૭ વર્ષિય મનોજભાઈ રાવત, સેક્ટર-૫-બી ના ૫૭ વર્ષીય નટવરસિંહ પરમાર તથા સેક્ટર-૩-બી ના ૬૨ વર્ષીય રમેશચંદ્ર કડિયા મૃત્યુ પામ્યા હતા. જ્યારે દોલારાણા વાસણા અને વામજના બે મહિલા દર્દીઓ અને અન્ય જિલ્લાના બે દર્દીઓ સારવાર દરમ્યાન મૃત્યુ પામ્યા હતા.

### ગુજરાત ૧૨ રાજ્યોમાં રિકવરી રેટમાં પાછળ અને મૃત્યુદરમાં બીજા નંબરે

ગાંધીનગર,તા.૮

ગુજરાતમાં દિવાળી બાદ કોરોનાના કેસોમાં થયેલા ચિંતાજનક વધારા બાદ હવે છેલ્લા બે દિવસથી પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ આવી રહી હોય તેવું દેખાઈ રહ્યું છે. રાજ્યમાં ૨ લાખ કરતાં વધુ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જેથી રાજ્યમાં રિકવરી રેટ વધીને ૯૧.૪૬ ટકાએ પહોંચી ગયો છે. જ્યારે ગુજરાતની સરખામાણીએ દેશના ૧૨ રાજ્યોનો રિકવરી રેટ વધુ છે. આ સિવાય ગુજરાતમાં કોરોનાને કારણે મોતને ભેટનારા દર્દીઓ ટકાવારીની દ્રષ્ટિએ વધુ નોંધાયા છે. ગુજરાત મૃત્યુદરની ટકાવારીમાં દેશમાં બીજા નંબરે છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૩ લાખ ૧૦ હજાર ૫૫૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી ૨ લાખ ૨૦ હજાર ૧૬૮ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જ્યારે મૃત્યુઆંક ૪૦૯૫એ પહોંચ્યો છે. તેમજ અત્યાર સુધીમાં ૨ લાખ ૧ હજાર ૫૮૦ દર્દી ડિસ્ચાર્જ થયા છે. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૪૪૯૩ એક્ટિવ કેસ છે, જેમાંથી ૮૧ વેન્ટિલેટર પર જ્યારે ૧૪૪૧૨ દર્દીની હાલત સ્થિર છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com